શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ ટુંડેલ, તા.
નડીયાદ દ્વારા સરકારી કુમાર છાત્રાલય
નડીયાદ માટે જમીન (દાનમાં)
ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સકછ-૧૦૧૭-૧૦૭૬૪૬(૨૯)-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૩/૨/૨૦૧૭.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણનાતા.૦૮-૦૨-૨૦૧૭ના પત્ર ક્રમાંક- અજાક/ગ-૧/૧/૨૦૧૬-૧૭/૫૯૭

ઠ રા વઃ-

પ્રમુખશ્રી, શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ મુ. ટુંડેલ, તા. નડીયાદ જિ. ખેડાની સંસ્થાની માલિકીની જમીન ટુંડેલ ગામે સર્વે નં. ૧૩ કુલ ૦.૧૦-૧૨ હેકટર આશરે દશ ગુઠા જમીન આવેલ છે. તે જમીન અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી કુમાર છાત્રાલય માટે સરકારી મકાન બાંધવા સંસ્થાએ તા.૧૫/૯/૨૦૧૬ના ઠરાવ નંબર ૪ કરી, સદરહુ સંસ્થાએ તેમના તા.૧૯/૯/૨૦૧૬ ના પત્રથી દાન પેટે આપવા સંમતિ આપેલ છે. જેના અનુસંધાને નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણના ઉકત વંચાણે લીધેલ પત્ર અન્વયે આ જમીન દાનમાં લેવા માટે સરકારશ્રીને હરકત સરખું નથી તે અંગેનો નિર્ણય કરવા માટે દરખાસ્ત થયેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સદરહુ જમીન પરનો બોજો (જો કોઇ હોય તો) પ્રિમિયમ વિગેરે આનુષાંગિક બાબતો ચકાસવાની રહેશે તથા જમીન બિનશરતી આપવા સંસ્થા તૈયાર હોઇ, શ્રી શારદા એજ્યુકેશન ટ્રસ્ટ ટુંડેલ, તા.નડીયાદ દ્વારા સરકારી કુમાર છાત્રાલય નડીયાદ માટે જમીન દાનમાં લેવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા) ની તા.૨૦-૦૨-૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ઘનશ્યામસિંહ મકવાણા )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ બ્લોક-૧,સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, નડીયાદ, જી.ખેડા.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત નડીયાદ, જી.ખેડા
શ્રીકાંતિભાઇ મંગળભાઇ મકવાણા, પ્રમુખશ્રી, શ્રી શારદા એજયુકેશન ટ્રસ્ટ મુ. ટુંડેલ, ઠે.મકન-૮ સિધ્ધાર્થનગર સોસાયટી,રેલ્વે સ્ટેશન પાછળ પીજ રોડ તા. નડીયાદ જિ. ખેડા.
સીલેકટ ફાઇલ.